5,42,000

AHD-7-ODH
No 11997 1-21
2008

SERIAL NO. [illegible] DATE :- [illegible]
NAME OF THE PURCHASER :- [illegible]
ADDRESS :- [illegible]
VALUE Rs. :- 442000/-
LICENCE No. GUJ/SOS/AUTH/AV/29/2005/14838
NUTAN NAGARIK SAHAKARI BANK LTD.
Opp. Samartheshwar Mahadev,
Law Garden, Ellisbridge, AHMEDABAD-380006.

NUTAN NAGRIK SAHKARI BANK LTD.
LAW GARDEN BRANCH,
AHMEDABAD.
GUJ/SOS/AUTH/AV/29/2005

भारत INDIA STAMP DUTY गुजरात
00000 SPECIAL ADHESIVE
Rs. 0442000 -4.10.2008
363095 GUJRAT
**Zero*Four*Four*Two*Zero*Zero*Zero***
2065 7823349

THE SEAL OF THE SUB REGISTRAR * ODHAV-7 A'BAD *

[redacted]

સબ-ડીસ્ટ્રીક્ટ અમદાવાદમાં આવેલી મિલકતનો વેચાણ
દસ્તાવેજ રૂપિયા ૯૦,૦૦,૦૦૦=૦૦ ની કિંમતનો

AHD-7-ODH
No 11997 2-21
2008



<u>લખાવી લેનાર :-</u>
એકતરફવાળા

મે. જે. બી. એન્ટરપ્રાઈઝ
એ નામની પેઢીના વતી તેના સોલ પ્રોપરાઈટર
જીગ્નેશ બાબુલાલ શાહ
ઉં.આ.વ. પુખ્તવયના, ધંધો - ખેતી, ધર્મે તથા જાતે હિન્દુ, રહેવાસી-એ/૬૦૨, ગણેશપ્લાઝા, નવરંગપુરા બસ સ્ટેન્ડ પાસે, નવરંગપુરા, અમદાવાદના.

Permanent Account Number (PAN) AOEPS 6121 E

જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં 'તમો' અગર 'લખાવી લેનાર' યાને કે 'વેચાણ રાખનાર' યાને કે 'એકતરફવાળા' એ રીતે સંબોધવામાં આવેલ છે. જે શબ્દના અર્થમાં તમો "એકતરફવાળા" નો તથા એકતરફવાળાના હાલના તથા વખતો વખતના વંશ, વાલી, વારસો, એસાઈનીઓ, એકઝીકયુટરો, એડમીનીસ્ટ્રેટરો, સકસેસરો, ટ્રાન્સફરીઓ વિગેરે તમામનો સમાવેશ થાય છે.

<u>લખી આપનાર :-</u>
બીજીતરફવાળા

(૧) હિરાનંદ ગંગારામ ભાગચંદાણી
(૧૦૦ પૈસાના વ.વ. ૧૦ પૈસાના ભાગીદાર તરીકે)

Permanent Account Number (PAN) AATPB 0217 H

(૨) નીમા પરસરામ ભાગચંદાણી
(૧૦૦ પૈસાના વ.વ. ૧૦ પૈસાના ભાગીદાર તરીકે)

Permanent Account Number (PAN) AASPB 9977 F

(૩) હરીષ હિરાનંદ ભાગચંદાણી
(૧૦૦ પૈસાના વ.વ. ૧૦ પૈસાના ભાગીદાર તરીકે)

Permanent Account Number (PAN) AATPB 0219 K

AHD-7-ODH
11997 3-21
2008



(૪) કમલેશ હિરાનંદ ભાગચંદાણી એચ.યુ.એફ.ના કર્તા તથા મેનેજર તરીકે કમલેશ હિરાનંદ ભાગચંદાણી

(૧૦૦ પૈસાના વ.વ. ૧૦ પૈસાના ભાગીદાર તરીકે)

Permanent Account Number (PAN) AAAHB 9620 B

સર્વે ઉં.આ.વ. પુખ્તવયના, ધર્મે તથા જાતે હિન્દુ, રહેવાસી-૧૬/એ, પ્રાણકુંજ સોસાયટી, પુષ્પકુંજ, કાંકરીયા, અમદાવાદ.

(૫) પ્રકાશ હિરાનંદ ભાગચંદાણી

(૧૦૦ પૈસાના વ.વ. ૧૦ પૈસાના ભાગીદાર તરીકે)

Permanent Account Number (PAN) ARAPB 5851 F

ઉં.આ.વ.૪૯, રહેવાસી- હીરાપેલેસ, મણીનગર, અમદાવાદ-૮.

(૬) સતીષ ભૂગડોમલ ભાગચંદાણી પોતે જાતે તથા અનુક્રમ નંબર-૨, ૭, ૯ તથા ૧૦ ના કુ.મુ. તરીકે

(૧૦૦ પૈસાના વ.વ. ૫ પૈસાના ભાગીદાર તરીકે)

Permanent Account Number (PAN) AATPB 0214 E

(૭) જ્યોતીદેવી સતીષકુમાર ભાગચંદાણી

(૧૦૦ પૈસાના વ.વ. ૭.૫ પૈસાના ભાગીદાર તરીકે)

Permanent Account Number (PAN) AATPB 7497 B

(૮) ભગવાન ભૂગડોમલ ભાગચંદાણી એચ.યુ.એફના કર્તા તથા મેનેજર તરીકે ભગવાન ભૂગડોમલ ભાગચંદાણી

(૧૦૦ પૈસાના વ.વ. ૧૨.૫ પૈસાના ભાગીદાર તરીકે)

Permanent Account Number (PAN) AAAHB 9616 B

(૯) પ્રિયંકા આનંદકુમાર ભાગચંદાણી

(૧૦૦ પૈસાના વ.વ. ૧૨.૫ પૈસાના ભાગીદાર તરીકે)

AHD-7-ODH
11997 | 4-21
2008

(૪)

Permanent Account Number (PAN) ABHPB 3988 N

(૧૦) કીરન ભરતકુમાર ભાગચંદાણી

(૧૦૦ પૈસાના વ.વ. ૧૨.૫ પૈસાના ભાગીદાર તરીકે)

Permanent Account Number (PAN) ADAPB 3675 P

સર્વે ઉ.આ.વ. પુખ્તવયના, ધર્મે તથા જાતે હિન્દુ, રહેવાસી-૩૩, ધનલક્ષ્મી સોસાયટી, મણીનગર, અમદાવાદના.

જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં 'અમો' અગર 'લખી આપનાર' યાને કે 'વેચાણ આપનાર' યાનેકે 'બીજીતરફવાળા' એ રીતે સંબોધવામાં આવેલ છે. જે શબ્દના અર્થમાં અમો ''બીજીતરફવાળા''નો તથા બીજીતરફવાળાના હાલના તથા વખતો વખતના વંશ,વાલી, વારસો, સકસેસરો, એસાઈનીઓ, એકઝીકયુટરો, એડમીનીસ્ટ્રેટરો, ટ્રાન્સફરીઓ વિગેરે તમામનો સમાવેશ થાય છે.

જત ડીસ્ટ્રીકટ અમદાવાદના રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૭(ઓઢવ) ના સીટી તાલુકાના મોજે ગામ મીઠીપુરની સીમના સર્વે નંબર-૪૪ પૈકી (ખોખરા- મહેમદાવાદ-ઘોડાસર-૧- ટી.પી.સ્કીમ નંબર-૧ ના ફાઈનલ પ્લોટ નંબર-૩૨ ના હિસ્સા નંબર-૩ ના મ્યુ. ટેનામેન્ટ નં.૦૩૨૮-૦૫-૦૭૫૧-૦૦૦૧-આઈ. તથા ૦૩૨૮-૦૫-૦૭૫૧-૦૦૦૨-જી. તથા ૦૩૨૮-૦૫-૦૭૫૧-૦૦૦૩-ઈ વાળી મિલકત કે જે નેશનલ હાઈવે અમરાઈવાડી, અમદાવાદ ખાતે આવેલ) ની ૧૫૨૦ ચોરસમીટર એટલેકે ૧૮૧૮ ચોરસવાર બિનખેતીની જમીન તથા તેમાં આવેલા આશરે ૨૦૦ ચોરસમીટરના બાંધકામ સહીતની મિલકત કે જેની ચતુઃસીમા આ સાથેના પરિશિષ્ટમાં જણાવ્યા મુજબની છે કે જેને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં 'સદરહુ મિલકત' એ રીતે

AHD-7-ODH
№ 11997 5-21
2008



સંબોધવામાં આવેલ છે. સદરહુ મિલકત અમારી કુલ સ્વતંત્ર માલિકી પ્રત્યક્ષ કબજા ભોગવટામાં કોઈના કોઈપણ જાતના અવરોધ કે અંતરાય સિવાય આવેલી છે.

સદરહુ મિલકત અંગે અમોએ હિન્દુસ્તાન પેટ્રોલીયમ કોર્પોરેશન લીમીટેડ સાથે એક લીઝ એગ્રીમેન્ટ તારીખ ૨૩-૮-૨૦૦૫ ના રોજ કરેલ છે. સદર લીઝ એગ્રીમેન્ટની શરતો મુજબ હિન્દુસ્તાન પેટ્રોલીયમ કોર્પોરેશન લીમીટેડ વર્તેલ ન હોઈ તે કેન્સલ કરાવવા સારૂની કાર્યવાહી અમોએ કરેલ છે જેની જાણ અમોએ તમોને કરેલ છે અને તે સહિતની સદરહુ મિલકત અમોએ તમોને વેચાણ આપવાનું નક્કી કરેલ અને સદર હિન્દુસ્તાન પેટ્રોલીયમ કોર્પોરેશન લીમીટેડ સાથેના તમામ વાદ-વિવાદ તમો લખાવી લેનારે તમારા ખર્ચે પતાવવાના રહેશે.

સદરહુ મિલકતમાં અમારા સિવાય અન્ય કોઈનો કોઈપણ જાતનો ખોરાકી, પોશાકી, રહેઠાણ, લીયન, ચાર્જ કે ધિરાણ વિગેરે અંગેનો કોઈપણ જાતનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો કે રસ્તા હક્ક નથી કે પોશાતો નથી. સદરહુ મિલકત અમોએ તમોને વેચાણ આપતા અગાઉ હિન્દુસ્તાન પેટ્રોલીયમ કોર્પોરેશન લીમીટેડ સાથે કરેલ લીઝ એગ્રીમેન્ટ સિવાય અન્ય કોઈને કોઈપણ પ્રકારે તબદીલ, એસાઈન કે ટ્રાન્સફર કરેલ નથી કે વેચાણ, ગીરો કે બક્ષિસ આપેલ નથી તેમજ સદરહુ મિલકત વેચાણ આપવા કે ડેવલપ કરવા માટે અન્ય કોઈની પાસેથી કોઈપણ પ્રકારની નાની કે મોટી રકમો મેળવેલ નથી કે પહોંચ કે પહોંચો કે કોઈપણ પ્રકારના લખાણો કરી આપેલા નથી તેમજ બીજી અન્ય કોઈપણ રીતે લખી આપેલ નથી કે સદરહુ મિલકત ઉપર કોઈપણ પેઢી, સંસ્થા કે કોઈ રાષ્ટ્રીયકૃત બેંક, શીડ્યુલ બેંક કે કોઈપણ જાતની નાણાંકીય સંસ્થા કે વ્યક્તિ પાસેથી નાણાંકીય ધિરાણ કે લોન મેળવીને કોઈપણ જાતના બોજામાં કે જામીનગીરીમાં કે લીયનમાં કે તારણમાં મુકીને કોઈપણ પ્રકારનો ચાર્જ કે બોજો ઉભો કરેલો નથી કે સદરહુ મિલકતના ટાઈટલને નુકશાન થાય તેવા કોઈપણ કૃત્ય કરેલ નથી કે સદરહુ મિલકત ઉપર કોઈ સોલવન્સી કઢાવેલ નથી. સદરહુ મિલકત કોઈપણ સરકારી કે અર્ધસરકારી કે

AHD-7-ODH
№ 11997 6-21
2008



રાષ્ટ્રીયકૃત બેંક કે કોઈપણ નાણાંકીય સંસ્થા કે શીડ્યુલ બેંક કે કોર્ટ-કચેરી તરફથી ટાંચમાં લેવા માટેની કોઈપણ કાર્યવાહી ચાલતી નથી તેમજ સીક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સીયલ એસેટ્સ એન્ડ ઈનફોર્સમેન્ટ ઓફ સીક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ હેઠળ કાર્યવાહી થયેલી નથી કે હાલમાં ચાલુ નથી. સદરહુ મિલકત અંગે અમોએ હિન્દુસ્તાન પેટ્રોલીયમ કોર્પોરેશન લીમીટેડ સાથે લીઝ એગ્રીમેન્ટ કરેલ છે અને તે સિવાય સદરહુ મિલકત અન્ય કોઈને કોઈપણ રીતે લખી આપેલ નથી તેમજ સદરહુ મિલકત કે તેનો કોઈપણ ભાગ કોઈપણ અદાલત કે કચેરીના હુકમથી જપ્તીમાં કે અવલ જપ્તીમાં લેવામાં આવેલ નથી. સદરહુ મિલકત કે તેનો કોઈપણ ભાગ કોઈપણ યોજના માટે અનામત રાખવામાં આવેલો નથી તેમજ સદરહુ મિલકત કોઈ એકવીઝીશન, રેકવીઝીશન કે રીઝર્વેશનમાં આવેલ નથી કે તે મુજબના કોઈ પ્રોસીડીંગ્સ સદરહુ મિલકત ઉપર કે અમારા ઉપર ચાલતા નથી કે તે મુજબની કોઈ નોટીસ અમોને મળેલ નથી કે બજેલ નથી. સદરહુ મિલકત અંગે કોઈપણ અદાલત કે કચેરીમાં કોઈપણ જાતના દાવાદુવી થયેલા નથી કે હાલમાં જારી નથી કે તેમજ સદરહુ મિલકત કોઈને વેચવી વેચાવવી નહીં તેવો કોઈપણ જાતનો મનાઈ હુકમ કોઈપણ અદાલત કે કચેરી તરફથી અમારા ઉપર કે સદરહુ મિલકત ઉપર નીકળેલ નથી કે બજેલ નથી. સદરહુ મિલકત ખાલી કરાવવા બાબતે હિન્દુસ્તાન પેટ્રોલીયમ કોર્પોરેશન લીમીટેડ સાથે લીટીગેશન ચાલે છે અને તે સિવાય સદરહુ મિલકત અંગે કોઈ લીટીગેશન ચાલતા નથી. સદરહુ મિલકત અમો જે કેપેસીટીમાં ધારણ કરીએ છીએ તે કેપેસીટીમાં અમોએ તમોને વેચાણ આપેલ છે. સદરહુ મિલકતના તમામ રાઈટ, ટાઈટલ, કલીયર માર્કેટેબલ અને સેલેબલ છે તેવો અમોએ તમોને પાકો વિશ્વાસ, ભરોસો, ખાત્રી અને બાંહેધરી આપીને સદરહુ જમીન રૂપિયા ૯૦,૦૦,૦૦૦=૦૦ અંકે રૂપિયા નેવું લાખ પુરામાં કુલ અભરામના દાવે અઘાટ વેચાણ આપેલ છે અને તમોએ અમોને સદરહુ મિલકતનો ચુકતે વેચાણ અવેજ રૂપિયા ૯૦,૦૦,૦૦૦=૦૦ અંકે રૂપિયા નેવું લાખ પુરા નીચે જણાવેલી વિગતે ચુકવી આપેલ છે જે અમો લખી આપનારને

AHD-7-ODH
No 11997 7-21
2008



ચુક્તે મળેલ છે જેની અમો લખી આપનાર આથી તમોને પહોંચ આપીએ છીએ અને સદરહુ મિલકતના વેચાણ અવેજ ચુકવવાની જવાબદારીમાંથી આથી અમો તમોને મુક્ત કરીએ છીએ. સદરહુ મિલકતનો પરોક્ષ કબજો અમોએ તમોને આજરોજ સોંપેલ છે જે તમોએ સંભાળી લીધેલ છે. સદરહુ મિલકતનો આ વેચાણ દસ્તાવેજ અમોએ તમારી તરફેણમાં આજરોજ કરી આપેલ છે.

સદરહુ મિલકતનો વેચાણ અવેજ પહોંચ્યાની વિગત :-

| રૂપિયા | ચેક નંબર | બેંકનું નામ |
|---|---|---|
| ૪,૦૦,૦૦૦=૦૦ | ૦૦૦૫૨૭ | બેંક ઓફ ઈન્ડીયા |
| ૫,૦૦,૦૦૦=૦૦ | ૦૦૦૫૪૩ | બેંક ઓફ ઈન્ડીયા |
| ૪,૦૦,૦૦૦=૦૦ | ૦૦૦૫૨૮ | બેંક ઓફ ઈન્ડીયા |
| ૫,૦૦,૦૦૦=૦૦ | ૦૦૦૫૪૪ | બેંક ઓફ ઈન્ડીયા |
| ૪,૦૦,૦૦૦=૦૦ | ૦૦૦૫૨૯ | બેંક ઓફ ઈન્ડીયા |
| ૫,૦૦,૦૦૦=૦૦ | ૦૦૦૫૪૫ | બેંક ઓફ ઈન્ડીયા |
| ૪,૦૦,૦૦૦=૦૦ | ૦૦૦૫૩૦ | બેંક ઓફ ઈન્ડીયા |
| ૫,૦૦,૦૦૦=૦૦ | ૦૦૦૫૪૬ | બેંક ઓફ ઈન્ડીયા |
| ૪,૦૦,૦૦૦=૦૦ | ૦૦૦૫૩૧ | બેંક ઓફ ઈન્ડીયા |
| ૫,૦૦,૦૦૦=૦૦ | ૦૦૦૫૪૭ | બેંક ઓફ ઈન્ડીયા |
| ૩,૦૦,૦૦૦=૦૦ | ૦૦૦૫૩૨ | બેંક ઓફ ઈન્ડીયા |
| ૩,૭૫,૦૦૦=૦૦ | ૦૦૦૫૪૮ | બેંક ઓફ ઈન્ડીયા |
| ૫,૦૦,૦૦૦=૦૦ | ૦૦૦૫૩૩ | બેંક ઓફ ઈન્ડીયા |
| ૬,૨૫,૦૦૦=૦૦ | ૦૦૦૫૪૯ | બેંક ઓફ ઈન્ડીયા |
| ૫,૦૦,૦૦૦=૦૦ | ૦૦૦૫૩૪ | બેંક ઓફ ઈન્ડીયા |
| ૬,૨૫,૦૦૦=૦૦ | ૦૦૦૫૫૦ | બેંક ઓફ ઈન્ડીયા |
| ૫,૦૦,૦૦૦=૦૦ | ૦૦૦૫૩૫ | બેંક ઓફ ઈન્ડીયા |
| ૬,૨૫,૦૦૦=૦૦ | ૦૦૦૫૫૧ | બેંક ઓફ ઈન્ડીયા |
| ૨,૦૦,૦૦૦=૦૦ | ૦૦૦૫૩૬ | બેંક ઓફ ઈન્ડીયા |

THE SEAL OF THE SUB REGISTRAR ODHAV AHMEDABAD

AHD-7-ODH
No 11997 8-21
2008



૨,૫૦,૦૦૦=૦૦ ૦૦૦૫૫૨ બેંક ઓફ ઈન્ડીયા

આજરોજથી તમો વેચાણ રાખનાર સદરહુ મિલકતના કુલ સ્વતંત્ર માલીક અને પરોક્ષ કબજેદાર થયા છો. સદરહુ મિલકતમાં તમો વેચાણ રાખનાર વસો, વસાવો, વેચો, સાટો યા ગીરો આપો યા તમો તમારુ દિલ ચાહે તેમ ઉપયોગ કરવા હક્કદાર છો. સદરહુ મિલકતમાંથી નવેનીધ અષ્ટમાંસિધ્ધ જે કાંઈ પ્રગટ થાય તે તમામ તમારા નસીબનું છે વધુમાં અમો તમોને બાહેંધરી આપીએ છીએ કે સદરહુ મિલકતના તમો વેચાણ લેનારના માલીકી કબજા ભોગવટા ઉપયોગમાં અમો કે અમારા વારસદારો, એસાઈનીઓ, એકઝીકયુટરો, એડમીનીસ્ટ્રેટરો ઈત્યાદી હરકત કે અટકાયત કરશે-કરાવશે નહી અને જો કરે-કરાવે અને તેથી કરી તમોને કે સદરહુ મિલકતના વખતો વખતના માલીકોને જે કાંઈ નુકશાન કે ખર્ચ થાય તો તેવું તમામ નુકશાન ખર્ચ સહિત અમો તથા અમારા વારસદારો તમોને અગર સદરહુ મિલકતના જે તે વખતના માલીકોને વસુલ આપવા આથી બંધાયેલા છીએ અને રહીશું.

સદરહુ મિલકત અમો જે કેપેસીટીમાં ધારણ કરીએ છીએ તે કેપેસીટીમાં અમોએ તમોને વેચાણ આપેલ છે તેમછતાં અમારા કુટુંબના કોઈપણ સભ્યોની સદરહુ મિલકતના વેચાણને કન્ફર્મ કરવા બાબતે તેમજ સદર વેચાણ તેમને કબુલ, મંજુર છે તે બાબતની જરૂરી સહીઓ, કન્ફર્મેશનો, સોગંદનામા, બોન્ડ વિગેરેની જરૂર પડે તે અમો કરાવી આપીશું તેવો અમોએ તમોને પાકો વિશ્વાસ, ભરોસો, ખાત્રી અને બાંહેધરી આપેલ છે. સદરહુ મિલકતનું વેચાણ અમોએ અમારા કુટુંબના તમામ સભ્યો સાથે ચર્ચા વિચારણા કરીને તે તમામની સંપુર્ણ સંમતિથી કરેલ છે એટલે કે સદરહુ મિલકતનું વેચાણ કાયદેસરનું વેચાણ છે અને તેથી આ વેચાણ દસ્તાવેજ અમારા કુટુંબના તમામ સભ્યોને સંપૂર્ણપણે બંધનકર્તા છે તેવી વેચાણ આપનારે વેચાણ રાખનારને સંપૂર્ણ ખાત્રી, ભરોસો, વિશ્વાસ અને બાંહેધરી આપવાથી જ વેચાણ રાખનારે સદરહુ મિલકત અમારી પાસેથી વેચાણ રાખી અમોને સદરહુ મિલકતનો ચુકતે વેચાણ અવેજ ચુકવી આપેલ છે તેમછતાં સદરહુ મિલકતના આ વેચાણ દસ્તાવેજના વ્યવહારો

THE SEAL OF THE SUB REGISTRAR ODHAV AHMEDABAD

AHD-7-ODH
No 11997 9-21
2008



અંગે અમારા કુટુંબના કોઈપણ સભ્યો પોતે જાતે કે તેમના વતી કોઈપણ વ્યક્તિ કે કોઈપણ શખ્સ કે પેઢી કયારેય કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર યા હરકત હેલો કરે તો તે તમામ આથી રદબાતલ છે એટલું જ નહીં પણ તેના કારણે વેચાણ રાખનારને અગર સદરહુ મિલકતના જે તે વખતના માલીકોને કોઈ નુકશાન, ખર્ચ કે ડેમેજીસ થાય તો તે તમામ નુકશાન, ખર્ચ તથા ડેમેજીસ વ્યાજ સહીત અમો વેચાણ આપનારે તમો વેચાણ રાખનારને અગર સદરહુ મિલકતના જે તે વખતના માલીકોને ભરપાઈ કરી આપવાનું છે અને રહેશે. સદરહુ મિલકત અંગે હિન્દુસ્તાન પેટ્રોલીયમ કોર્પોરેશન લીમીટેડ સિવાય અમોએ કરેલા લખાણો વિગેરેને આધારે કોઈપણ વ્યક્તિ, સંસ્થા, બેંક, પેઢી, નાણાંકીય સંસ્થા કે અમારા વારસદારો કે સદરહુ મિલકત અંગે કોઈપણ સરકારી કે અર્ધસરકારી કચેરી દ્વારા કોઈપણ પ્રકારના દાવા-દુવી ઉપસ્થિત થાય કે કરવામાં આવે કે કરે અથવા કોઈ તકરાર કે લીટીગેશન કે કોર્ટ કેસો કરવામાં આવે કે થાય તેવા સંજોગોમાં તેવા દાવા-દુવી, લીટીગેશન, તકરાર, કોર્ટ કેસો કરનારને જો કોઈ રકમ આપવાની થાય તો તેમની સાથે સમાધાન કરીને તેમજ તેમને રકમ આપીને પણ સદરહુ મિલકત અંગે થયેલા દાવા-દુવીઓ, લીટીગેશનો, તકરાર, કોર્ટ કેસો વિગેરેનો નિકાલ હિન્દુસ્તાન પેટ્રોલીયમ કોર્પોરેશન લીમીટેડ જે કોઈ દાવા-દુવી/લીટીગેશન કરે તો તે સિવાયના અમો લાવી આપીશું તેમજ સદરહુ મિલકતના ટાઈટલ ચોખ્ખા, કલીયર, માર્કેટેબલ અને સેલેબલ કરી આપીશું તેવો પાકો વિશ્વાસ, ભરોસો, ખાત્રી અને બાંહેધરી અમોએ અમારા ધર્મના સોગંદ ઉપર પ્રતિજ્ઞાપુર્વક તમોને આપીને તે તમામ જવાબદારી અમારી છે તેમ અમોએ સ્વીકારેલ છે અને તેને માન્ય રાખી તમોએ સદરહુ મિલકત અમારી પાસેથી વેચાણ રાખી સદરહુ મિલકતનો ચુક્તે વેચાણ અવેજ ચુકવી આપેલ છે.

<u>લખી આપનાર પોતાના ધર્મના સોગંદ ઉપર પ્રતિજ્ઞાપુર્વક જાહેર કરી તમો લખાવી લેનારને આ દસ્તાવેજથી લખી આપીએ છીએ કે</u> :-

આ દસ્તાવેજમાં જણાવેલી તમામ હકીકતો તથા લખાણો

THE SEAL OF THE SUB REGISTRAR ODHAV AHMEDABAD

AHD-7-ODH
No 11997 10-21
2008



તથા સદરહુ મિલકતનો ચુકત્તે અવેજ મળી ગયેલ હોઈ તે સર્વે બાબતે અમોને કોઈ વાંધો તકરાર નથી તેમછતાં ભવિષ્યમાં લખી આપનારના વારસદારો કે કુટુંબના કોઈપણ સભ્યો, કોઈપણ વ્યક્તિ, પેઢી કે કંપની ઈત્યાદી સદરહુ મિલકતના વેચાણ બાબતે કે વેચાણ અવેજ બાબતે કોઈ વાંધો, તકરાર, લીટીગેશન કે દાવા-દુવી વિગેરે કરે-કરાવડાવે તો તે તમામ આથી રદબાતલ ગણવાનું છે અને તેનો નિકાલ અમોએ અમારા ખર્ચે લાવી આપીને સદરહુ મિલકતના તમારા માલિકી હકક પુરવાર કરીને ટાઈટલ કલીયર કરી આપવાના છે.

સદરહુ મિલકતના હિન્દુસ્તાન પેટ્રોલીયમ કોર્પોરેશન લીમીટેડ સાથે કરેલ લીઝ ડીડ સિવાયના તમામ ટાઈટલ કલીયર માર્કેટેબલ અને સેલેબલ છે તેમછતાં ભવિષ્યમાં ટાઈટલ બાબતે કોઈ ત્રુટી કે ખામી નીકળે તો તેનો નિકાલ અમોએ અમારા ખર્ચે લાવી દેવાનો છે. સદરહુ મિલકતના ટાઈટલ બાબતે કે વેચાણ બાબતે લખી આપનારના કુટુંબના કોઈપણ સભ્યો વિગેરેની હાલ કે ભવિષ્યમાં ક્યારેય સહીઓ, સાક્ષીઓ, સોગંદનામાઓ, બોન્ડ, કબુલાત, એફીડેવીટ વિગેરેની જરૂર પડે ત્યારે અમો વેચાણ આપનાર કરાવી આપીશું તેવો અમો વેચાણ આપનારે તમો વેચાણ રાખનારને પાકો વિશ્વાસ, ભરોસો, ખાત્રી અને બાંહેધરી આપેલી છે અને તેના આધારે તમો વેચાણ રાખનારે સદરહુ મિલકત અમારી પાસેથી વેચાણ રાખેલ છે.

સદરહુ મિલકત આ વેચાણ દસ્તાવેજના આધારે તમો વેચાણ રાખનાર તમામ સરકારી, અર્ધસરકારી કે ગ્રામપંચાયતના રેકર્ડમાં તમારા નામે ટ્રાન્સફર કરાવી શકશો તેમજ આ વેચાણ દસ્તાવેજના આધારે મે. તલાટી કમ મંત્રીશ્રી/મે. સર્કલ ઓફીસરશ્રી/મે. નાયબ મામલતદારશ્રી/ મે.મામલતદારશ્રી સદરહુ મિલકત તમારા નામે રેવન્યુ રેકર્ડમાં ટ્રાન્સફર કરે તેમજ તે અંગે જરૂરી નોંધ કરી મંજુર કરે તો તેવા વ્યવહારો, કાર્યો, કાર્યવાહીઓ અમોને કબુલ, મંજુર અને બંધનકર્તા છે. મે. તલાટી કમ મંત્રીશ્રી/મે. સર્કલ ઓફીસરશ્રી/મે. નાયબ મામલતદારશ્રી/

APD-7-ODH
No 11997 11-21
2008



મે.મામલતદારશ્રી સદરહુ મિલકત વેચાણ રાખનારના નામે રેવન્યુ દફતરમાં ટ્રાન્સફર કરે તો અમોને કોઇ વાંધો તકરાર નથી અને તે બાબતે અમો લખી આપનાર કે લખી આપનારના વારસદારો ભવિષ્યમાં કોઇ વાંધો તકરાર કરીશું નહી તેમ અમો આથી જાહેર કરીએ છીએ.

અમો આથી લખી આપીએ છીએ કે ભવિષ્યમાં ક્યારેય સદરહુ મિલકત વેચાણ રાખનારના નામે કોઇપણ કારણસર ટ્રાન્સફર ના થાય તો તેવા સંજોગોમાં તેમજ સદરહુ મિલકતના ટાઈટલ બાબતે કે વેચાણ દસ્તાવેજ તારીખ સુધીના સદરહુ મિલકત અંગેના અમો લખી આપનારના માલીકી હક્ક પુરવાર કરવા બાબતે અમારી વખતો વખત જયાં-જયાં અને જયારે-જયારે જે-જે દસ્તાવેજો, સોગંદનામાઓ, ખાત્રીઓ, સહીઓ, કબુલાતો, ચીજો વિગેરેની જરૂર પડે ત્યાં ત્યાં અને ત્યારે ત્યારે તેવી તમામ જગ્યાએ લખી આપનાર તથા લખી આપનારના વારસદારો વિગેરે સહીઓ, સોગંદનામાં, બોન્ડ, કન્ફર્મેશન વિગેરે કરી આપવા બંધાયેલા છીએ અને રહીશું.

સદરહુ મિલકતનું વેચાણ ગણોતધારા અથવા મહેસુલ ધારા અથવા પ્રવર્તમાન કોઈપણ કાયદા હેઠળ અમાન્ય ઠરે અને રેવન્યુ રેકર્ડમાં અમો વેચાણ આપનારનું નામ ફરીથી દાખલ થાય તો પણ સદરહુ મિલકત ઉપર તમો વેચાણ લેનારનો દિવાની હક્ક અમલી રહેશે અને તે સમયે અમો વેચાણ આપનારે કે અમારા વારસદારોએ તમો લખાવી લેનાર કહો તે નામનો ફરીથી વેચાણ દસ્તાવેજ કોઈપણ પ્રકારનો અવેજ લીધા સિવાય રજીસ્ટર્ડ કરી આપવાનો છે અને તે અંગેની જરૂરી સ્ટેમ્પ, રજી. ફી લખાવી લેનારે ભરવાની છે.

સદરહુ મિલકત અંગે હિન્દુસ્તાન પેટ્રોલીયમ કોર્પોરેશન લીમીટેડમાંથી કોઇ જમા રકમ કે ભાડુ લેવાનું નીકળે તો તે તમામ આજ તારીખ સુધીનુ અમો લખી આપનારે લેવાનું છે અને તે અંગેનો જો કોઇ ચેક તમો લખાવી લેનારના નામનો આવે તો તેવી રકમ તમોએ અમો લખી આપનારને આપવાની રહેશે જેની સ્પષ્ટતા પક્ષકારો વચ્ચે થઇ ગયેલ છે.

સદરહુ મિલકતમાં આવેલુ બાંધકામ સને ૧૯૯૦ માં કરવામાં આવેલ છે. સદરહુ મિલકત આ વેચાણ દસ્તાવેજથી તમોને વેચાણ આપેલી હોઈ સદરહુ મિલકત પરત્વેના કોઈ ઈઝમેન્ટોનો કે અન્ય કોઈપણ પ્રકારનો હવેથી અમો વેચાણ આપનારનો કોઈ હકક અધિકાર રહેતો નથી અને સદરહુ મિલકત અંગે ભવિષ્યમાં પણ જે જે નવા હક્કો, ઈઝમેન્ટો તેમજ જમીનના ક્ષેત્રફળમાં કોઈ વધઘટ થાય કે સરકાર તરફથી કે અન્યથા તેવી વધઘટવાળી જમીન પેટે કોઈ રોકડ વળતર કે અન્ય જમીન કે મિલકત ફાળવે તો વળતર સ્વરૂપે મળતી તેવી રકમ કે જમીન/મિલકત અંગેના તમામ હક્કો તથા માલિકીહક્કો તમો વેચાણ રાખનારના છે તેમ અમો વેચાણ આપનાર આ વેચાણ દસ્તાવેજથી જાહેર કરીએ છીએ.

સદરહુ મિલકત અંગેના સ્થાનિક સરકાર વિગેરેના કરવેરા, ટેક્ષ, લાગા વિગેરે વેચાણ દસ્તાવેજ તારીખ સુધીના વેચાણ આપનારે ભરેલ છે અને વેચાણ દસ્તાવેજ તારીખ પછીના સદરહુ મિલકત અંગેના તમામ વેરાઓ વેચાણ રાખનારે ભરવાના છે અને રહેશે. અમો આ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખનારને ખાત્રી અને વિશ્વાસ આપીએ છીએ કે વેચાણ દસ્તાવેજ તારીખ સુધીના ઉપરોક્ત કોઈ લેણા અંગે ભવિષ્યમાં પણ કોઈ માંગણાની નોટીસ આવે તો તે તમામ બાબતની ચોખવટ તેમજ ચુકવણી વેચાણ આપનારે વીના વિલંબે કરી આપવાની છે અને રહેશે.

સદરહુ મિલકતના લખી આપનાર પૈકી અનુક્રમ નંબર-૨, ૭, ૯ તથા ૧૦ નાએ અમો લખી આપનાર અનુક્રમ નંબર-૬ ની તરફેણમાં પાવર ઓફ એટર્ની કરી આપેલ છે. જે પાવર ઓફ એટર્ની હાલમાં જારી, જીવંત અને અમલમાં છે. સદર પાવર ઓફ એટર્નીની રૂઈએ સદરહુ મિલકતનો આ વેચાણ દસ્તાવેજ અમોએ તમારી તરફેણમાં આજરોજ કરી આપેલ છે.

સદરહુ મિલકતનો આ વેચાણ દસ્તાવેજ મે. સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં નોંધણી માટે રજુ કરવામાં આવેલ છે. સદરહુ

AHD-7-ODH
No 11997 13-21
2008

AHD 7-ODH
2 08



મિલકતનો આ વેચાણ દસ્તાવેજ કરવા સારૂ થતો તમામ ખર્ચો જેવો કે સ્ટેમ્પ, રજીસ્ટ્રેશન ફી, ટાઈપીંગ ખર્ચ, વકીલ ફી વિગેરે તમામ ખર્ચો લખાવી લેનારે ભોગવેલ/ભોગવવાનો છે.

## પરિશિષ્ટ

જત ડીસ્ટ્રીકટ અમદાવાદના રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૭ (ઓઢવ) ના સીટી તાલુકાના મોજે ગામ મીઠીપુરની સીમના સર્વે નંબર-૪૪ પૈકી (ખોખરા- મહેમદાવાદ-ઘોડાસર-૧ -ટી.પી. સ્કીમ નંબર-૧ ના ફાઈનલ પ્લોટ નંબર-૩૨ ના હિસ્સા નંબર-૩ ના મ્યુ. ટેનામેન્ટ નં.૦૩૨૮-૦૫-૦૭૫૧-૦૦૦૧-આઈ. તથા ૦૩૨૮-૦૫-૦૭૫૧-૦૦૦૨-જી. તથા ૦૩૨૮-૦૫-૦૭૫૧-૦૦૦૩-ઈ વાળી મિલકત કે જે નેશનલ હાઈવે અમરાઈવાડી, અમદાવાદ ખાતે આવેલ) ની ૧૫૨૦ ચોરસમીટર એટલેકે ૧૮૧૮ ચોરસવાર બિનખેતીની જમીન તથા તેમાં આવેલા આશરે ૨૦૦ ચોરસમીટરના બાંધકામ સહીતની મિલકતના ખૂંટ ચારની વિગત :-

પુર્વે :- નાયલોન નેટ પ્લાન્ટસ

પશ્ચિમે :- રોડ

ઉત્તરે :- ફાઈનલ પ્લોટ નંબર-૩૨ ના હિસ્સા નંબર-૨

દક્ષિણે :- ફાઈનલ પ્લોટ નંબર-૩૨ ના હિસ્સા નંબર-૪

એ રીતે ખુંટ ચાર વચલી સઘળી મિલકત

ઉપર મુજબનો આ વેચાણ દસ્તાવેજ અમોએ અમારી રાજીખુશીથી તથા અક્કલ હોશિયારીથી, શુધ્ધ-બુધ્ધિ પુર્વક કોઈના કોઈપણ જાતના દાબ-દબાણ વગર, વાંચી, વંચાવી, સમજી વિચારીને, બીનકેફી હાલતમાં લખી આપેલ છે જે અમોને તથા અમારા હાલના તથા

AHD-7-ODH
No 11997 | 14-21
2008



વખતો વખતના વંશ, વાલી, વારસો, એસાઈનીઓ, એક્ઝીક્યુટરો, સકસેસરો, એડમીનીસ્ટ્રેટરો વિગેરે તમામને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

સ્થળ :-અમદાવાદ

તારીખ :- ૪-૧૦-૨૦૦૮

હિરાનંદ ગંગારામ ભાગચંદાણી

હરીષ હિરાનંદ ભાગચંદાણી

કમલેશ હિરાનંદ ભાગચંદાણી એચ.યુ.એફના
કર્તા તથા મેનેજર તરીકે કમલેશ હિરાનંદ ભાગચંદાણી

પ્રકાશ હિરાનંદ ભાગચંદાણી


સતીષ ભૂગડોમલ ભાગચંદાણી પોતે જાતે તથા
નીમા પરસરામ ભાગચંદાણી, જ્યોતીદેવી સતીષકુમાર ભાગચંદાણી, પ્રિયંકા આનંદકુમાર ભાગચંદાણી તથા કીરન ભરતકુમાર ભાગચંદાણીના કુ.મુ. તરીકે

ભગવાન ભૂગડોમલ ભાગચંદાણી એચ.યુ.એફ.ના
કર્તા તથા મેનેજર તરીકે ભગવાન ભૂગડોમલ ભાગચંદાણી

-: સાક્ષીઓ :-

(૧) ____________ (૨) ____________

**AHD-7-ODH**
No 11997 15-21
**2008**




માપ્રમાણે:

મા.ક. (સહી)
મા.તા.
સ્કેલ

નકલ તૈયાર કરનાર ...... ક. કારકુન

ખાનગી ઉપયોગ માટે

અરજી નંબર ......
અરજી આપ્યા તારીખ ......
નકલ તૈયાર કર્યા તારીખ ......
નકલ ફી ની રકમ ......
લઈ ગયા તારીખ ......

ખરી નકલ

હેડ ક્લાર્ક આસીસ્ટન્ટ
ડીસ્ટ્રીક્ટ સર્વે કચેરી
અમદાવાદ.


MULTI COLOUR COPY

AHD-7-ODH

No 11997 | 16-2

2008



<u>રજીસ્ટ્રેશન અધિનીયમની કલમ-૩૨ (એ) મુજબનું પરિશિષ્ટ</u>
<u>લખાવી લેનારની સહી, ફોટો તથા અંગુઠાની છાપ</u>

[redacted]

OF THE SUB REGISTRAR ODHAV-7 A'BAD.

મે. જે.બી. એન્ટરપ્રાઈઝના સોલ પ્રોપરાઈટર જીગ્નેશ બાબુલાલ શાહ

(૧૬) AHD-7-ODH

No 11997 17-21

2008

<u>લખી આપનારની સહી, ફોટો તથા અંગુઠાની છાપ</u>






હિરાનંદભાઈ ગંગારામ ભાગચંદાણી





હરીષ હિરાનંદ ભાગચંદાણી






કમલેશ હિરાનંદ ભાગચંદાણી એચ.યુ.એફના કર્તા તથા મેનેજર તરીકે કમલેશ હિરાનંદ ભાગચંદાણી

AHD-7-ODH
No 11997 18-21
2008

(૧૭)



Prakash Hiranand

પ્રકાશ હિરાનંદ ભાગચંદાણી



સતીષ ભૂગડોમલ ભાગચંદાણી પોતે જાતે તથા નીમા પરસરામ ભાગચંદાણી, જ્યોતીદેવી સતીષકુમાર ભાગચંદાણી, પ્રિયંકા આનંદકુમાર ભાગચંદાણી તથા કીરન ભરતકુમાર ભાગચંદાણીના કુ.મુ. તરીકે



Bhagwands Bhugdomal

ભગવાન ભૂગડોમલ ભાગચંદાણી એચ.યુ.એફના કર્તા તથા મેનેજર તરીકે ભગવાન ભૂગડોમલ ભાગચંદાણી

અનુક્રમ નંબર ૧૧૯૯૭
સને ૨૦૦૮ ના ઓક્ટોબર માસની
૪ મી તારીખે ૧.૦૦ થી ૨.૦૦
વાગ્યાની વચ્ચે અમદાવાદ-૭ (ઓઢવ) સબ
રજીસ્ટ્રારની કચેરીમાં રજુ કર્યા.




મે.જે.બી.એન્ટરપ્રાઈઝના સોલ પ્રોપરાઈટર તરીકે
જીજ્ઞેશભાઈ બાબુલાલ શાહ




( એસ.જે.શાહ )
સબ રજીસ્ટ્રાર
અમદાવાદ-૭ (ઓઢવ)

પહોંચ નંબર :- ૨૦૦૮૦૦૭૦૧૯૧૮૯

| | | |
|---|---|---|
| ફી પહોંચી છે તે | રુ. પૈસા. | |
| નોંધવાની ફી :- | | ૯૦૦૦૦ |
| ફોટો ફી પાનના( ૨૨):- | | ૨૨૦ |
| ટપાલ :- | | ૦ |
| એકંદરે કુલ :- | | ૯૦૨૨૦ |

( અંકે રુપિયા નેવું હજાર બસ્સો વીસ પુરા.)

( એસ.જે.શાહ )
સબ રજીસ્ટ્રાર
અમદાવાદ-૭ (ઓઢવ)

| પક્ષકારનું નામ અને સરનામુ | ઉમર | ફોટોગ્રાફ | ડા.હા.અં.ની છાપ | સહી |
|---|---|---|---|---|
| આપનાર<br>હિરાનંદ ગંગારામ ભાગચંદાણી ૧૦૦ પૈસાના વ.વ.૧૦ પૈસાના ભાગીદાર તરીકે (વેપાર)<br>૧૬-એ પ્રાણકુંજ સોસાયટી<br>પુષ્પકુંજ કાંકરીયા<br>અમદાવાદ<br>પાન નં. AATPB 0217H | ૦ |  |  | |
| હરીષ હિરાનંદ ભાગચંદાણી ૧૦૦ પૈસાના વ.વ.૧૦ પૈસાના ભાગીદાર તરીકે (ખેતી)<br>૧૬-એ પ્રાણકુંજ સોસાયટી<br>પુષ્પકુંજ કાંકરીયા<br>અમદાવાદ<br>પાન નં. AATPB 0219K | ૦ |  |  | |
| કમલેશ હિરાનંદ ભાગચંદાણી એચ.યુ.એફના કર્તા તથા મેનેજર તરીકે કમલેશ હીરાનંદ ભાગચંદાણી ૧૦૦ પૈસાના વ.વ.૧૦ પૈસાના ભાગીદાર તરીકે (ખેતી)<br>૧<br>પાન નં. AAAHB 9620B | ૦ |  |  | |
| પ્રકાશ હિરાનંદ ભાગચંદાણી ૧૦૦ પૈસાના વ.વ.૧૦ પૈસાના ભાગીદાર તરીકે (ખેતી)<br>હિરા પેલેસ<br>મણીનગર<br>અમદાવાદ<br>પાન નં. ARAPB 5851F | ૦ |  |  | |

AHD-7-ODH
No 11997 19-21
2008

<u>આપનાર</u>

સતીષ ભુગડોમલ ભાંગચંદાણી ૧૦૦ પૈસાના ૦
વ.વ.૫ પૈસાના ભાગીદાર તરીકે તે
નં-૨,૭,૯, તથા ૧૦ના કુ.મુ.તરીકે (ખેતી)
૧૬-એ પ્રાણકુંજ સોસાયટી
પુષ્પકુંજ કાંકરીયા
અમદાવાદ




૨.નીમા પરસરામ ભાગચંદાણી ૧૦૦ પૈસાના વ.વ.૧૦ પૈસાના ભાગીદાર તરીકે
પાનનં-એએએસપીબી ૯૯૭૭એફ
૭.જયોતીદેવી સતીષકુમાર ભાગચંદાણી ૧૦૦ પૈસાના વ.વ.૭.૫ પૈસાના ભાગીદાર તરીકે
પાનનં-એએટીપીબી ૭૪૯૭બી
૯ પ્રિયંકા આનંદકુમાર ભાગચંદાણી ૧૦૦ પૈસાના વ.વ.૧૨.૫ પૈસાના ભાગીદાર તરીકે
પાનનં-એબીએચપીબી ૩૯૮૮એન
૧૦.કીરન ભરતકુમાર ભાગચંદાણી ૧૦૦ પૈસાના વ.વ.૧૨.૫ પૈસાના ભાગીદાર તરીકે
પાનનં-એડીએપીબી ૩૬૭૫પી
પાન નં. AATPB 0214E

---

ભગવાન ભુગડોમલ ભાગચંદાણી ૦
એચ.યુ.એફના કર્તા તથા મેનેજર તરીકે
ભગવાન ભુગડોમલ ભાગચંદાણી ૧૦૦
પૈસાના વ.વ.૧૨.૫ પૈસાના ભાગીદાર તરીકે
(વેપાર)
૩૩-ધનલક્ષ્મી સોસાયટી
મણીનગર
અમદાવાદ
પાન નં. AAAHB 9616B




Bhagwandas Bhagchand

દસ્તાવેજ લખી આપનાર
આ દસ્તાવેજ લખી
આપ્યાનું કબુલ કરે છે.

THE SUB REGISTRAR ... નો રજિસ્ટ્રાર ... અમદાવાદ ... O.D.-7 ABAD

૧. ભરતભાઈ માધવલાલ પટેલ (નોકરી)
જય બજરંગ સોસાયટી
બાપુનગર
અમદાવાદ

૨. ભીમરાવ ગુલાબરાવ નિકોસે (નોકરી)
૨૨૩ અમરાઈવાડી પોલીસ સ્ટેશનની પાછળ
તલાવડીના છાપરાઅમરાઈવાડી
અમદાવાદ

AHD-7-ODH
No 11997 | 20-21
2008

તેઓ કહે છે કે સદરહું લખી આપનારને તેઓ જાતે
ઓળખે છે. અને તેમની ઓળખાણ આપે છે.

૧. ____________________

૨. B. G. Nikose ____________________

તારીખ ૪ માહે ઓક્ટોબર - ૨૦૦૮

____________________
( એસ.જે.શાહ )
સબ રજીસ્ટ્રાર
અમદાવાદ-૭ (ઓઢવ)

બજાર કિંમત નકકી કરવા અંગેનું
ફોર્મ નં.૧ રજુ થયેલ છે.
તા: ૦૪/૧૦/૨૦૦૮

( એસ.જે.શાહ )
સબ રજીસ્ટ્રાર
અમદાવાદ-૭ (ઓઢવ)

AHD-7-ODH
No 11997 21-21
2008

ઈન્કમટેક્ષ રૂલ્સ ૧૯૬૨ની જોગવાઇ મુજબ
(૧) પાન નં./ઈ.જ.ર નંબર
દર્શાવેલ છે. જેની ખરાઇ કરવામાં આવેલ છે.

આપનાર નંબર.
લેનાર નંબર:
સંમતી આપનાર નંબર.

તારીખ: ૦૪/૧૦/૨૦૦૮

( એસ.જે.શાહ )
સબ રજીસ્ટ્રાર
અમદાવાદ-૭ (ઓઢવ)

૧ નંબરની બુકના ૧૧૯૯૭ નંબરે નોંધયો
તારીખ : ૦૪/૧૦/૨૦૦૮

( એસ.જે.શાહ )
સબ રજીસ્ટ્રાર
અમદાવાદ-૭ (ઓઢવ)

THE SEAL OF THE SUB REGISTRAR
સબ રજીસ્ટ્રારનો સિક્કો
ઓઢવ-૭, અમદાવાદ
ODHAV-7 A'BAD